પત્રિકા ૧૩૪

# ચિરાગે હિદાયત

૨૪/૧૧/૧૭
૫ ર.અવ્વલ

## આ અઠવાડિયાની મુનાસેબત

૦૫ ર.અવ્વલ – વફાતે જનાબે માસૂમાએકુમ(સ.અ.)
૦૮ ર.અવ્વલ – શહાદતે ઈમામ હસન અસ્કરી(અ.સ.)
૦૯ ર.અવ્વલ – ઈદે ઝહેરા(સ.અ.)

## ઈમામ હસન અસ્કરી(અ.સ.)

હઝરત ઈમામ હસન અસ્કરી(અ.સ.)ની શહાદત ૮ રબીઉલ અવ્વલ હી.સ.૨૬૦માં જુમ્આના દિવસે થઈ. હઝરત ઈમામ હસન અસ્કરી(અ.સ.) આપ(અ.સ.)ના બાપદાદાઓની જેમ ઈમામે મન્સુસ, માઅસુમ, આઅલમે ઝમાના અને અફઝલે કાએનાત હતા.

* *આપ(અ.સ.)ની એક હદીસ :* જે માણસ દુનિયાથી દિલનો આંધળો મરશે તે આખેરતમાં પણ આંધળો જ ઉઠશે, દિલનું આંધળું થવું અમારી મવદ્દતથી ગફલતમાં રહેવા બરાબર છે. કુરઆને મજીદમાં છે કે **કયામતના દિવસે ઝાલિમો કહેશે કે અમારા પાલનહાર દુનિયામાં તો અમે દેખતા હતા, અહિં આંધળા કેમ ઉઠાવ્યા? તો જવાબ મળશે કે અમે જે નિશાની મોકલી હતી તમે તેને નજરઅંદાઝ કરી હતી.** અય લોકો અલ્લાહની નિશાનીઓ અમે આલે મોહમ્મદ(અ.મુ.સ.) છીએ.

* *ઈમામત :*

આપણા અઈમ્મા(અ.મુ.સ.) પોતાની પછીના ઈમામ મોઅય્યન કરવા માટે ફક્ત સામાન્ય રિવાયતોને જ કાફી નહોતા માનતા. જેમાં દરેક ઈમામનું નામ બનામ ઝિક્ર મૌજૂદ છે. બલ્કે તે માટે વધારે તાકીદ રાખીને અને દરેક પ્રકારની શંકાને દૂર કરવા માટે વાઝેઅ રીતે પોતાની પછીના ઈમામની ઓળખાણ કરાવતા હતા. અહીં તે રિવાયતોમાંથી અમુક રિવાયતોનો ઝિક્ર કરીએ છીએ જે ઈમામ હસન અસ્કરી(અ.સ.)ના સિલસિલામાં વારિદ થઈ છે.

૧) અબુ હાશિમ જઅફરી શિયા રાવીઓમાં ભરોસેમંદ અને અઈમ્મા(અ.મુ.સ.)ના ખાસ અસ્હાબમાંથી હતા. જ્યારે આપ ઈમામ અલીનકી(અ.સ.)ની ખિદમતમાં હાજર થયા. ઈમામ(અ.સ.)એ ફરમાવ્યું ''મારો દિકરો હસન મારો જાનશીન છે, તમે મારા જાનશીનના જાનશીન સાથે કેવી રીતે પેશ આવશો?'' અબુ હાશિમે અર્ઝ કરી ''આપ ઉપર કુરબાન થાઉં, હું કઈ રીતે પેશ આવું?'' ઈમામ(અ.સ.)એ ફરમાવ્યું ''તમે તેમને જોશો નહીં અને તેમનું નામ લેવું મુનાસિબ નથી.'' અબુ હાશિમે સવાલ કર્યો ''પછી અમે તેમને કઈ રીતે યાદ કરીએ ?'' ઈમામ(અ.સ.)એ ફરમાવ્યું ''આવી રીતે યાદ કરો. **અલ હુજ્જતો મીન**

આલે મોહમ્મદ(સ.અ.વ.)''
– કમાલુદ્દીન, શેખ સદૂક, પે. ૩૮૧

૨) સકર ઈબ્ને અબી દલફનું બયાન છે કે મેં ઈમામ અલીનકી(અ.સ.)ને ફરમાવતા સાંભળ્યા કે ''યકીનન મારી પછી મારા ફરઝંદ હસન ઈમામ થશે અને મારા હસન પછી તેમના ફરઝંદ કાએમ ઈમામ થશે અને તે જ છે કે ઝમીનને અદલો ઈન્સાફથી ભરી દેશે, જેવી રીતે તે ઝુલ્મો ઝોરથી ભરેલી હશે.''
– કમાલુદ્દીન, શેખ સદૂક, પે. ૩૮૨

* *આપ(અ.સ.)ના ઝમાનામાં અબ્બાસી ખોલફા :*

ઈમામ(અ.સ.)ની મુખ્તસર ઈમામતના ૬ વર્ષના ગાળામાં બની અબ્બાસના ત્રણ ખલીફા થયા – મોઅતઝ, મોહતદી અને મોઅતમદ. મોઅતઝના જ ઝમાનામાં ઈમામ અલીનકી(અ.સ.)ને ઝેર આપીને શહીદ કરવામાં આવ્યા. મોઅતઝના જ ઝમાનામાં સિત્તેરથી વધારે અલવી જનાબે જાફરે તૈયાર અને જનાબે અકીલ ઈબ્ને અબીતાલીબના ફરઝંદો કે જેઓએ હેજાઝમાં કયામ કર્યો હતો. તેઓને ગિરફ્તાર કરીને સામર્રા લાવવામાં આવ્યા. ઈમામ હસન અસ્કરી(અ.સ.)ના દોસ્તો ઉપર તે સમયમાં ખુબજ સખ્તીઓ હતી. અમુક લોકોએ ઈમામ(અ.સ.)ને જે પત્રો લખ્યા હતા, તેમાં સખ્તીઓ અને મુશ્કિલોનો ઝિક્ર કર્યો હતો. ઈમામ(અ.સ.)એ તેઓને જવાબમાં લખ્યું કે ત્રણ દિવસો પછી મુશ્કિલો પૂરી થઈ જશે.
– બેહાર, જિ.૫૦, પે. ૨૫૧

જેવું ઈમામ(અ.સ.)એ ફરમાવ્યું હતું તેવું જ થયું. અબ્બાસી દરબારના વિદ્રોહી સિપાહીઓ જેઓ મોઅતઝને પોતાના હકમાં નહોતા જોઈ રહ્યા. આ સિપાહી તેમની ઉપર તૂટી પડ્યા અને તેને ખિલાફતથી હટી જવા પર મજબૂર કર્યો. ત્યારપછી તેને એક ભંડકિયામાં બંધ કરી દીધો. તે ઘુંટાઈને તેમાં જ મરી ગયો. – મોરવ્વજુઝ ઝહબ–૪, પે. ૯૫

મોઅતઝ પછી મોહતદીને ખિલાફત મળી. તે ઝાલીમ પણ હતો અને મુનાફિક પણ. ઘણાં દિવસો સુધી તેણે ઈમામ(અ.સ.)ને કૈદ રાખ્યા અને આપ(અ.સ.)ને કત્લ કરવાનો ઈરાદો કર્યો. પરંતુ મોહતદીની મૌતે તેને એટલો સમય ન આપ્યો કે તે પોતાના ઈરાદા ઉપર અમલ કરી શકે. ખુદાએ તેને હલાક કરી દીધો.

મોઅતમદ મોહતદીની જગ્યાએ ખલીફા બન્યો. પોતાના બુઝુર્ગોની જેમ મોઅતમદ પણ અય્યાશ અને ઝુલ્મી હતો. મોઅતમદની જ હુકૂમતમાં ઈમામ હસન અસ્કરી(અ.સ.)ને શહીદ કરવામાં આવ્યા અને અલવીઓના એક સમુહને પણ કત્લ કરવામાં આવ્યા. અમુકને તો ઘણી જ ખરાબ રીતે શહીદ કરવામાં આવ્યા અને કત્લ કર્યા પછી તેઓના કાન, નાક વગેરેને કાપી નાખવામાં આવ્યા.

* *આપ(અ.સ.)ની વસિય્યતનો અમુક ભાગ :*

હું મારા માનનારાઓને વસીયત કરૂં છું કે અલ્લાહથી ડરે, દીનની બાબતોમાં પરહેઝગારીને જીવનમંત્ર બનાવી લે, ખુદાના સંબંધમાં પુરતી રીતે પ્રયત્નશીલ રહે

અને તેના અહેકામની પૈરવીમાં કચાશ ન રહેવા દે, સાચું બોલે, અમાનતો કે જે મોઅમીનની હોય કે કાફરની તેને અદા કરે, પોતાના સજદાઓને તુલ આપે, સવાલોના મીઠા જવાબો આપે, કુરઆને મજીદની તિલાવત કરતો રહે, મૌત અને ખુદાના ઝિક્રથી કદી પણ ગાફિલ ન રહે.

* *આપ(અ.સ.)ની શહાદત :*

બની અબ્બાસના ખલીફાએ સાંભળ્યું હતું કે એહલેબૈત(અ.મુ.સ.)માં બાર ઈમામો છે. બારમાં ઈમામ ગયબત પછી ઝહુર કરશે તો પૂરી દુનિયામાંથી ઝાલિમોને ખત્મ કરી દેશે, બાતિલ હુકૂમતોનો અંત કરી દેશે, પૂરી દુનિયાને અદ્લો ઈન્સાફથી ભરી દેશે. આ જ બાબતે ખલીફાઓને ઈમામ અલીનકી(અ.સ.) અને ઈમામ હસન અસ્કરી(અ.સ.)ના દૌરમાં વધારે પરેશાન કરી દીધા હતા. આ જ કારણે આ ખલીફાઓ ઈમામ હસન અસ્કરી(અ.સ.) ઉપર સખ્ત નજર રાખતા હતા. ક્ષણભરની ખબર રાખતા હતા અને તે બાબતે તપાસ કરતા હતા કે ઈમામ(અ.સ.)ને કોઈ ફરઝંદ ન થાય. તે માટે તેઓએ જુદા જુદા તરીકાઓ અપનાવ્યા. ઘણી વખત ઈમામ(અ.સ.)ને કૈદ કર્યા. મોઅતમદ અબ્બાસીને જાણ થઈ ગઈ કે આ કાર્યોથી કાંઈ હાંસિલ ન થયું અને લોકોની તવજ્જોહ ઈમામ(અ.સ.)ની તરફ વધતી જ જાય છે, ઈમામ(અ.સ.)ને કૈદ કરવાથી ઉલટો અસર થઈ રહ્યો છે. તેનાથી આ સહન ન થઈ શક્યું અને તેણે ઈમામ(અ.સ.)ને છુપી રીતે કત્લ કરાવવાનો ઈરાદો કરી લીધો. તેણે ઈમામ(અ.સ.)ને છુપી રીતે ઝેર આપ્યું. જે કારણે ૮ રબીઉલ અવ્વલ, હી.સ.૨૬૦માં ઈમામ હસન અસ્કરી(અ.સ.)ની શહાદત થઈ. ખુદાવંદે આલમના દુરૂદો સલામ થાય ઈમામ હસન અસ્કરી(અ.સ.) પર અને આપ(અ.સ.)ના બાપદાદાઓ પર.

# ઈદે ઝહેરા(સ.અ.)

તેમાં કોઈ શક નથી કે માહે રબીઉલ અવ્વલની ૯ તારીખને ઈતિહાસમાં ખાસ મુકામ હાંસિલ થયેલુ છે. આ દિવસ ખુશીઓનો દિવસ છે.

તેમાં કોઈ શક નથી કે આ જ તે મુબારક તારીખ છે કે જે તારીખથી ઈમામે ઝમાના(અ.ત.ફ.શ.)ની ઈમામત અને આપ(અ.ત.ફ.શ.)ની ગયબતે સુગરાની શરૂઆત થઈ. શિયાઓ માટે ૯ રબીઉલ અવ્વલને ઈદનો દિવસ તે માટે કહેવામાં આવે છે કે આ દિવસે આખરી હુજ્જત – હુજ્જતે ખુદાની ઈમામતની શરૂઆત થઈ.

આ તારીખે દુશ્મને જનાબે ઝહેરા(સ.અ.) કત્લ થયો છે તે માટે આ ઈદને ઈદે ઝહેરાનું નામ આપવામાં આવ્યું છે.

એક રિવાયત આ પણ છે કે આ દિવસે જનાબે મુખ્તારે ઈમામ હુસૈન(સ.અ.)ના

કાતિલોના નજીસ સરો ઈમામ ઝયનુલ આબેદીન(સ.અ.)ની ખિદમતમાં મોકલ્યા હતા.

આ કારણે પણ ૯ રબીઉલ અવ્વલના દિવસે ખુશી મનાવવામાં આવે છે કેમકે આ દિવસે એહલે હરમે સોગ ઉતાર્યો હતો.

આ દિવસને હઝરત રસૂલેખુદા(સ.અ.વ.)એ ઈદનો દિવસ કરાર દીધો હતો અને લોકોને હુકમ કર્યો હતો કે આ દિવસને ઈદ તરીકે મનાવે અને આ ઈદના આમાલ બજાવી લાવે.

*- ફૈઝુલ અલ્લામ, પે. ૨૧૧*

આ દિવસ એહલેબૈત(અ.મુ.સ.), અંબિયા(અ.મુ.સ.), ફરિશ્તાઓ અને હઝરત અલી(અ.સ.)ના ચાહનારાઓ માટે ખુશીનો દિવસ છે કેમકે આ દિવસે જનાબે ફાતેમા ઝહેરા(સ.અ.)ની દુઆ કબુલ થઈ.

*- ઝાદુલ મઆદ, પે. ૩૩૪*

ઈમામ હસન અસ્કરી(અ.સ.)થી રિવાયત છે કે "એહલેબૈત(અ.મુ.સ.)ની નઝદીક ૯ રબીઉલ અવ્વલથી વધારે બાઅઝમત કયો દિવસ હોઈ શકે છે?"

*- બેહાર, જિ. ૫૫*

એહલેબૈત(અ.મુ.સ.)ના દુશ્મનોથી બરાઅત કરવા માટે દુઆએ સનમય કુરૈશ પઢવાનો ઘણો સવાબ છે. દુઆએ સનમય કુરૈશની અમુક ફઝીલતો નીચે મુજબ છે:

**હઝરત અમીરૂલ મોઅમેનીન(અ.સ.) ફરમાવે છે કે જે શખ્સ આ દુઆને પઢશે તેને એવો અજ્ર નસીબ થશે કે ગોયા તેણે હઝરત રસૂલેખુદા(સ.અ.વ.)ની સાથે મળીને જંગે ઓહદ અને જંગે તબુકમાં જેહાદ કરી હોય અને હઝરત(સ.અ.વ.)ની રૂબરૂ શહીદ થયો હોય. વળી તેને એવી ૧૦૦ હજ અને ઉમરાનો સવાબ મળશે જે હઝરત(સ.અ.વ.)ની સાથે બજાવી લાવ્યો હોય અને હજાર મહિનાના રોઝાનો સવાબ પણ હાંસિલ થશે. ઉપરાંત કયામતના દિવસે તેનો હશ્ર જનાબે રિસાલત મઆબ(સ.અ.વ.) અને અઈમ્મએ માઅસુમીન(અ.મુ.સ.)ની સાથે થશે અને ખુદાવંદે આલમ તેના તમામ ગુનાહ બક્ષી દેશે અગરચે તે આસમાનના સિતારાઓ, સહેરાઓ (રણ)ની રેતના ઝર્રા અને તમામ દરખ્તો (ઝાડ)ના પત્તાઓની સંખ્યા જેટલા કેમ ન હોય! અને તે શખ્સ કબ્રના અઝાબથી અમાનમાં હશે. તેની કબ્રમાં બેહિશ્તનો એક દરવાજો ખોલી દેવામાં આવશે. જે હાજત માટે દુઆએ સનમય કુરૈશ પઢશે ઈ.અ. પૂરી થશે.**

આ મુબારક દિવસની એટલી ફઝીલત છે કે અગર કોઈ શખ્સ આ દિવસે રાહે ખુદામાં ખર્ચ કરે તો તેના ગુનાહ માફ કરી દેવામાં આવશે. આ દિવસે મોઅમીનોને ખવરાવવું તેમજ ખુશ્બુ લગાડવી, પોતાના ઘરવાળાઓને ખુશ કરવા, નવા વસ્ત્રો પહેરવા અને શુક્રે ખુદા બજાવી લાવવું મુસ્તહબ છે.

*- મિસ્બાહ કફઅમી, જિ. ૨*

**પ્રકાશક : હાજીનાજી મેમોરિયલ ટ્રસ્ટ**

વેબસાઈટ : www.hajinaji.com ઈમેલ : hajinajitrust@gmail.com